ગાંધીનગર સમાચાર

શહેરીજનોના સ્વાદ પારખાંમાં મધુર દુધ જ શ્રેષ્ઠ

# વરસાદી માહોલમાં ચા ના વેચાણમાં વધારો



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં વરસાદમાં ચા ની ચુસકી મારનારાઓની સંખ્યામાં પણ વધારો જોવા મળે છે. જેને પગલે રોજીદી ઘરાકી કરતા ચા ના વેચાણમાં અંદાજીત ૩૦ ટકાનો વધારો થવા પામ્યો છે. વરસાદી માહોલમાં ચા ની કીટલીઓ પર યુવાવર્ગ વધુ જોવા મળે છે. વરસાદમાં ભીંજાવાની મોજ સાથે ચા નાસ્તાની જયાફત માણતા પણ નગરજનો નજરે પડયા હતા.નગરમાં પડતા વરસાદમાં દાળવડા અને ચા ના સ્ટોલ પર ગ્રાહકોની લાંબી કતારો જોવા મળે છે.

ગાંધીનગર શહેરમાં મેઘરાજા મનમુકીને વરસતા નાગરીકો ખુશખુશાલ થઈ ગયા છે. મૌસમના પહેલા વરસાદમાં નાના બાળકથી લઈ અબાલ વૃધ્ધ સૌ કોઈ ભીંજાયા હતા. વરસતા વરસાદમાં ચા પીવાની એક અલજ જાણે મજા હોય છે. જેથી વરસાદ આવતા જ ચા ની ઘરાકીમાં ભારે ભીડ જોવા મળે છે. વરસાદમાં ભીંજાયેલા હોવાથી ઠંડી લાગતી હોવાને પગલે ચા પીવાથી અનેરી શરીરમાં અનેરી સ્ફુર્તી ઉત્પન્ન થાય છે. શહેરમાં આવેલ ઘ-૨, ૩, ૪, ૫, ૬, ૭, સેકટર-૨૧, ૨૨, ૭, સેકટર-૧૧ કોમર્શીયલ કોમ્પલેક્ષ, મીના બજાર, ઈન્ફોસીટી વિસ્તારમાં ચા ના સ્ટોલ પર ગ્રાહકોની ભારે ભીડ જામે છે. વરસાદી માહોલમાં આદુવાળી ચા ની ડિમાન્ડ વધુ રહે છે. નગરમાં યુવાનો વરસાદમાં સૌથી વધુ ચા પીતા નજરે પડે છે. નગરમાં ઝરમર ઝરમર વરસાદમાં ચા ની સાથે ગોટા, દાળવડા, બટાકાવડા સહિત ગરમાગરમ નાસ્તાની પણ બોલબાલા વધી જવા પામે છે. વેપારીઓ સામાન્ય દિવસ કરતા આ વરસાદી માહોલમાં માલ વધુ લાવ્યા હોવા છતા ઘરાકીને પગલે વહેલા નવરા થઈ જાય છે.

# જીપીએસસી પરીક્ષામાં શહેરનો યુવાન ઝળકયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૧૪માં રહેતા યુવાન અરવિંદ સોલંકીએ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિકયુટર ની જીપીએસસી પરીક્ષામાં રાજયભરમાં સાતમા નંબરે સ્થાન પ્રાપ્ત કરી શહેરનું ગૌરવ વધાર્યુ છે. આ યુવાને અનુસૂચિત જાતિમાં સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યુ છે.

મદદનીશ સરકારી વકીલની ભરતી માટે જીપીએસસી દ્વારા વર્ષ ૨૦૧૪માં લેખિત પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની વર્ષ-૨૦૧૬માં મૌખિક પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષાનું પરિણામ ગઈ કાલે જાહેર કરાયું છે. જેમાં ગાંધીનગરના સેકટર-૧૪માં રહેતા અરવિંદકુમાર કમલેશભાઈ સોલંકીએ ઉત્કૃષ્ઠ દેખાવ કરતા સમગ્ર રાજયમાં સાતમુ સ્થાન હાંસલ કર્યુ છે. માત્ર એટલું જ નહી પરંતુ અનુસૂચિત જાતિની કેટેગરીમાં આ યુવાને સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે. અરવિંદ સોલંકીએ



સિધ્ધાર્થ લૉ કોલેજમાંથી વકીલાતનો અભ્યાસ કર્યો હતો અને ત્યારબાદ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ષ ૨૦૧૪માં આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટર માટેની પરીક્ષા આપી હતી અને વર્ષ ૨૦૧૬માં તેનું મૌખિક ઈન્ટરવ્યું થયું હતું. ગઈકાલે જીપીએસસી દ્વારા તેના પરિણામ જાહેર કરાયા હતા. અરવિંદ સોલંકીએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન દ્વારા સમગ્ર રાજયમાં ગાંધીનગરનું નામ રોશન કર્યુ છે.

## શહેરના ભજન મંડળોને રથયાત્રામાં જોડાવા જયોતિ મહિલા મંડળની અપીલ

ગાંધીનગર, તા.૫

પાટનગરમાં ઘણા વર્ષોથી કોમી એખલાસની ભાવનાને ઉજાગર કરતી રથયાત્રાનું ખુબ ધામધૂમપૂર્વક આયોજન કરવામાં આવે છે. શહેરની સૌ ધર્મપ્રેમી નાગરીકો ભાવપૂર્વક આ રથયાત્રામાં જોડાય છે. ભગવાન જગન્નાથજીના દર્શન કરવા નગરના માર્ગો પર માનવ મહેરામણ ઉમટે છે. આ પ્રસંગે જયોતિ મહિલા મંડળ, ગાંધીનગર દરેક સેકટરે-સેકટરે નગરની બહેનોને વિશાળ સંખ્યામાં હાજર રહીને પરંપરાગત ભાવથી રથયાત્રાનું સ્વાગત કરવા માટે નમ્ર અપીલ કરે છે. સંસ્થાના પ્રમુખ લતાબેન ચોકસી અને સેક્રેટરી ડો. ચેતના બુચ સૌ બહેનોને સવારે ૭.૦૦ કલાકે પંચદેવ મંદિર સેકટર-૨૨ ખાતે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી રથયાત્રામાં જોડાય અને તમામ ભજન મંડળો પણ હાજર રહે તેવી નમ્ર અપીલ કરવામાં આવી છે.

# ઈન્ફોસીટી પોલીસે ટાયર ચોર પકડયો

## ગાડીમાંથી ટાયર અને ચાની કિટલીમાંથી બેટરી ચોરી કરી હતી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ સનરાઈઝ કોમ્પ્લેક્ષ પાસે સ્થિત શિવશકિત ગેરેજની બહાર પડેલી અલ્ટો ગાડીમાંથી એક ટાયર અને એક ચાની કીટલીમાંથી બેટરીની ચોરી ત્રણેક દિવસ પહેલા થવા પામી હતી. આ મામલે ઈન્ફોસીટી પોલીસ મથકમાં ફરિયાદ થતા ટીમે બીજા જ દિવસે આરોપીને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડયો હતો.

ગેરેજ પાસેથી એક અલ્ટો ગાડીમાંથી ગઈ કાલે આગળનું ટાયર ચોરી થઈ ગયું હતું અને તેની બાજુમાં સ્થિત એક ચાની કીટલીમાંથી બેટરી ચોરાઈ ગઈ હતી. આ મામલે ફરિયાદ મળતા ઈન્ફોસીટી પોલીસની ટીમે સીસીટીવી કેમેરા ચકાસી તપાસ શરુ કરી હતી. દરમિયાન રાત્રે ટીમ પેટ્રોલીગમાં હતી ત્યારે રીલાયન્સ ચોકડી સરગાસણ ચોકડી રોડ પરથી એક ગાડી ઉભી રખાવી તપાસ કરતા આ ગુનામાં ચોરાયેલો મુદ્દામાલ તે ગાડીમાંથી મળી આવ્યો હતો. માણસાના સજ્જનપુરા વિસ્તારમાં રહેતા ભાવિન ઉર્ફે પ્રહલાદ પટેલની ચોરીના બંને મુદ્દામાલ સાથે ધરપકડ કરીને પુછતાછ કરતા પોતે ચોરી કરી હોવાની કબુલાત કરી છે. અગાઉ પણ આ શખ્સ માણસા પોલીસના હાથે ચોરીના ગુનામાં પકડાયેલો હોવાનું જાણવા મળ્યું છે.

# કડી સંકુલમાં સ્પર્ધાત્મકની ભરતી સંદર્ભે માર્ગદર્શન શિબિર યોજાઈ





ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને મમતા આઈ.એ.એસ. ટ્રેનીંગ સેન્ટરના સંયુકત ઉપક્રમે આજ રોજ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા થતી ભરતી અંગેના માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કડી સર્વ વિશ્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજના ખીમજી વિસરામ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગમાં રાજય સરકાર અને યુપીએસસીની પરીક્ષા સંબંધમાં જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તાલીમ વર્ગમાં યુપીએસસીની પરીક્ષા પાસ કરનાર તેજસ્વી તારલાઓ શ્રી રવિન્દ્ર પટેલ, કુ. કોમલ પટેલ, શ્રી કૃણાલ રાઠોડ અને કુ.આરોહી પટેલ તથા મમતા આઈએએસ ટ્રેનીંગ સેન્ટરના શ્રી ઠાકોર અને સ્પીપાના વિષય નિષ્ણાંતો દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ માર્ગદર્શન શિબિરમાં અંદાજે ૧૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા પોતાને મુંઝવતા વિવિધ પ્રશ્નોની રજુઆત યુપીએસસીની પરીક્ષા પાસ કરનાર તેજસ્વી તારલાઓ સમક્ષ કરી હતી. તેઓએ આ પરીક્ષા પાસ કરવા કેવી રીતે વાંચન કરવું, કયુ કયુ સાહિત્ય વાંચન માટે ઉપયોગ કરવું અને યુપીએસસી પરીક્ષાની વિવિધ માહિતી મેળવી હતી.

જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના વ્યવસાય માર્ગદર્શન રોજગાર અધિકારી શ્રી નિખિલ જી. કુબાજી, રોજગાર અધિકારી શ્રી વરેશકુમાર પાંડોર સહિત સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# તમામ ઈ-કોમર્સ વેબસાઈટનું એક સરનામું 'ધ ડીલ વર્લ્ડ ડૉટ કોમ'

## ગાંધીનગરના યુવાનોએ તૈયાર કરેલ વેબસાઈટનું આજે લોકાર્પણ : ટૂંક સમયમાં મોબાઈલ એપ પણ લોન્ચ થશે : બેસ્ટ ડીલ મેળવવા અલગ અલગ વેબસાઈટ કે એપ ફેંદવામાંથી છુટકારો મળશે

ગાંધીનગર, તા.૫

આજના ઓનલાઈન શોપીંગના જમાનામાં અલગ અલગ ઈ કોમર્સ વેબસાઈટ તથા મોબાઈલ એપની ભરમારમાં ગ્રાહકો મુંઝવાઈ રહ્યા છે કે કયાંથી ખરીદી કરવી. હવે ગ્રાહકોની આ સમસ્યાનો ઉકેલ ગાંધીનગરના યુવાનોએ શોધી કાઢયો છે. આ યુવાનોએ 'ધ ડીલ વર્લ્ડ ડોટ કોમ' નામની વેબસાઈટ તથા મોબાઈલ એપ્લિકેશન બનાવી છે. જે તમામ ઈ કોમર્સ વેબસાઈટની પ્રોડકટસની સરખામણી કરી કયાંથી ખરીદી કરવી તેનો નિર્ણય લેવામાં મદદરૂપ બને છે. આ ઈ કોમર્સ વેબસાઈટને રથયાત્રાના શુભ દિવસે લોન્ચ કરાઈ રહી છે.

ભારતમાં ઓનલાઈન શોપીગ વેબસાઈટ જેવી કે ફલીપકાર્ટ, સ્નેપડીલ, ઈન્ફીબીમ, શોપકલુઝ વગેરેનું ચલણ વધતું જાય છે. આ વેબસાઈટ દ્વારા જુદી જુદી પ્રોડકટસ ઓફર કરાય છે. જેમાં ઈલેકટ્રોનિકસ, ફેશન, હોમડેકર જેવી અનેક કેટેગરી હોય છે. ગ્રાહકોને મુંઝવણ એ થાય છે કે એક કેટેગરીમાં જે વેબસાઈટ સારી અને સસ્તી પ્રોડકટ આપે છે તો બીજી કેટેગરીમાં બીજી વેબસાઈટ. આથી ગ્રાહકે બધી વેબસાઈટ અથવા એપ્લિકેશન ડાઉનલોડ કરવી પડે છે અને જે પ્રોડકટ ખરીદવા માંગતા હોય તેની બેસ્ટ ઓફર મેળવવા તમામ વેબસાઈટ ફેંદવી પડે છે. ગાંધીનગરના યુવાનો ચિરાગ બારોટ, ભાવિક બ્રહ્મભટ્ટ, પિયુષ પંડયા, કોહીનૂર હિંગુ તથા યુએસએના ન્યુ જર્સી સ્થિત મનન ડૉકટર દ્વારા 'ધ ડીલ વર્લ્ડ ડોટ કોમ' નામની વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે. આ સાથે તેની મોબાઈલ એપ પણ તૈયાર કરાઈ છે. 'ધ ડીલ વર્લ્ડ' એ તમામ ઈકોમર્સ વેબસાઈટને એક જ પ્લેટફોર્મ પર લાવી આપવામાં મદદરૂપ થશે. ગ્રાહકને જયારે ખરીદી કરવી હશે ત્યારે 'ધ ડીલ વર્લ્ડ'ના પ્લેટફોર્મ પર તમામ ઈકોમર્સ વેબસાઈટ પર ઉપલબ્ધ ઓફર્સ એક સાથે બતાવશે તેમાંથી ગ્રાહક બેસ્ટઓફર સિલેકટ કરી જે તે વેબસાઈટ પરથી ખરીદી કરી શકશે. આ માટે તેણે કોઈ એકસ્ટ્રા ચાર્જ ચુકવવાનો નથી પરંતુ તે અલગ અલગ વેબસાઈટ ફેંદવામાંથી કે મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરી રાખવામાંથી છુટકારો મેળવશે. 'ધ ડીલ વર્લ્ડ' પર તમામ કેટેગરી એક જ કલીક હેઠળ જોવા મળશે.

'ધ ડીલ વર્લ્ડ'ની એન્ડ્રોઈડ વર્ઝન એપ ઓગષ્ટ માસના પ્રથમ સપ્તાહથી લોન્ચ થઈ રહી છે પરંતુ દિવાળીથી આઈફોન એપ્લિકેશન પણ લોન્ચ કરાશે. વળી થોડાક દિવસોમાં એમેઝોન, પેપરફ્રાઈ, જબોંગ તથા પેટીએમ જેવી વેબસાઈટસ પણ આવરી લેવાશે. આ એપમાં વિવિધ ડીલ્સ અને કુપન કોડસ પણ જોવા મળશે. માત્ર એટલું જ નહી પરંતુ જુલાઈ માસના અંતમાં ગાંધીનગરના લોકલ વેપારી એકમો પણ તેમની પ્રોડકટસ આ સાઈટ પર વિના મૂલ્યે અપલોડ કરી શકશે અને સમગ્ર દેશમાં તેને વેચવા માટેનું વિશાળ માર્કેટ મેળવી શકશે. રથયાત્રાના પવિત્ર દિવસથી 'ધ ડીલ વર્લ્ડ ડોટ કોમ'નું લોકાર્પણ કરવામાં આવનાર છે. આ લોકાર્પણ કંપનીની કુડાસણમાં પ્રતિક મોલ ખાતે આવેલ ઓફિસનું સે-૨૩ સ્વામિનારાયણ મંદિરના રામસ્વામીના હસ્તે લોકાર્પણ કરાશે.

# શહેરીજનોના સ્વાદ પારખાંમાં મધુર દુધ જ શ્રેષ્ઠ

## શહેરીજનોના અભિપ્રાય લેવાયા હોત તો મધુર દુધ જ મળતુ હોત તેવી ચોતરફ ચર્ચાઓ, મધુરનું જ દુધ પુરું પડાય તેવી લોક ઈચ્છા

ગાંધીનગર, તા.૫

પાટનગરમાં વર્ષોથી દુધ પુરું પાડતી મધુર ડેરી એ અચાનક જ નિર્ણય કરી અમુલ ડેરીને આ કામગીરી સોંપી દેતાં શહેરીજનોમાં અણગમો પેદા થયો છે. મધુર ડેરીના દુધનો સ્વાદ અન્ય ડેરીના દુધથી શ્રેષ્ઠ હોવાની ચર્ચાઓ હાલ શહેરભરમાં થઈ રહી છે. શહેરીજનોના મતે ડેરી દ્વારા તેના કાયમી ગ્રાહકોનો અભિપ્રાય લીધા સિવાય કરેલા નિર્ણયથી દુધ વાપરનારો વર્ગ ના છુટકે હાલ દુધ સ્વીકારે છે. પરંતુ તે સ્વાદ ભુલી શકાતો નથી. જેથી શહેરમાં મધુરનું જ દુધ ફરીથી શરૂ કરાય તેવી લોકલાગણી અને માંગણીઓ ચોતરફ ઉભી થઈ છે.

ગાંધીનગર તથા આજુબાજુના વિસ્તારોમાં વર્ષોથી મધુર ડેરીનું દુધ વપરાતું હતું મધુર ડેરીના આ દુધથી તમામ લોકોને સંતોષ હતો અને શહેરની જ ડેરી હોવાથી તાજા દુધની મજા કે સ્વાદ પ્રાપ્ત થતો હતો. મધુર ડેરીના સંચાલકો દ્વારા તેના દુધ વાપરનારા વર્ગની તદન ઉપેક્ષા કરી અચાનક જ નિર્ણય લઈ શહેરભરના તમામ મધુર કાઉન્ટરો અમુલ ડેરીમાં પરિવર્તીત કરી શહેરીજનોના માથે



અમુલ દુધ થોપી બેસાડાયુ હોવાની લાગણી લોકોમાં ઉભી થઈ છે. જો કે થોડાક જ સમયમાં શહેરમાં ચોતરફ મધુર દુધના સ્વાદની ચર્ચાઓ શરૂ થઈ ગઈ અને મધુર ડેરીના દુધનો સ્વાદ જ શ્રેષ્ઠ હોવાનો મત એકબીજા સમક્ષ રજુ કરી મધુરનું જ દુધ ફરીથી શરુ કરવા માંગ થવા લાગી.

જો કે મોટી જનસંખ્યા અને બહોળો વિસ્તાર ધરાવતા પાટનગરવાસીઓનો મધુર ડેરીના સંચાલકોએ અભિપ્રાય લીધો હોત તો આ અન્ય ડેરી મધુરનું સ્થાન ન લઈ શકત તેવી પણ ચર્ચાઓ લોકો ખેદ સાથે કરી રહ્યા છે. સ્વાદિષ્ટ, ગુણવત્તાયુકત અને લોકપ્રિય બનેલા મધુર દુધને ગુમાવવાનો વસવસો પણ કેટલાક લોકો કરી રહ્યા છે. સૌથી વધુ વેચાણ ધરાવતા મધુરના ઉત્પાદનોથી ડેરીની સધ્ધરતા પણ વધી હતી પરંતુ કયા કારણોસર આ નિર્ણય લેવો પડયો તે શહેરીજનો હજુ પણ સમજી શકયા નથી. શહેરભરના મધુરના કાઉન્ટરો ઉપર વહેલી સવારથી મોડી રાત્રી સુધી ગ્રાહકો ઉભરાતાં હતા અને હરખઘેલા થઈ મધુરનું ઉત્પાદન (બનાવટો) ખરીદ કરતા હતા. ભાવ કે તોલમાપ બાબતે કયારેય કોઈ જાતનો વિવાદ મધુર અને ગ્રાહકો વચ્ચે થયેલો નથી. તેથી જ શહેરીજનોમાં મધુર દુધ અને તેની બનાવટો ફરીથી શહેરમાં કાર્યરત થાય તેવી જોરદાર માંગ કરી રહ્યા છે.

## @ગાંધીનગર

● મા મેલડી આનંદ ગરબા મંડળના શ્રીમતી મધુબેન કે. કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો શ્રીમતી પન્નાબેન ઉપાધ્યાય પ્લોટ નં. ૧૦૬૦/૨, સે-૩-ડી, નાગરિક બેંકની બાજુમાં બપોરે બે વાગે યોજાશે.

● લાયન્સ, લાયોનેસ અને લીયો કલબ ઓફ ગાંધીનગરનો શપથ વિધિ સમારોહ ડૉ. આંબેડકર ભવન ખાતે બપોરે ૩.૩૦ થી ૬.૩૦ કલાક સુધી યોજાશે.

● શહેરના પંચદેવ મંદિર ખાતેથી પરંપરાગત રીતે સવારે ૭.૦૦ કલાકે રથયાત્રાનું પ્રસ્થાન થશે જે વિવિધ સેકટરોમાં ફરશે જેથી નગરની જનતાને ભગવાન જગન્નાથના દર્શનનો લ્હાવો મળશે.

## અનુજાતિ-જનજાતિ માટે જીપીએસસી માટેના વર્ગો શરૂ કરવા રજુઆત

ગાંધીનગર, તા.૫

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત સરકારના સચિવાલયના વિભાગો મહેસુલ વિભાગ વર્ગ-૩ની નાયબ સેકશન અધિકારી (સચિવાલય) નાયબ સેકશન અધિકારી (જા.સે.આ.) તેમજ નાયબ મામલતદારની જગ્યાઓ ભરવા માટે જાહેરાત આવેલ છે. સાંઈ શકિત સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી કાંતિલાલ મકવાણા અને મંત્રી શ્રી પ્રવિણભાઈ એસ. મકવાણાને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને અભિનંદન પાઠવ્યા છે.

ગુજરાતના દરેક અનુ.જાતિ અને જનજાતિ ઉમેદવારો માટે ગાંધીનગર, અમદવાદ, વડોદરા, સૂરત, રાજકોટ, ભાવનગર અને કચ્છ ખાતે તાલીમ વર્ગોનું આયોજન કરવા માગણી કરેલ છે.

## ઈન્ફોસીટી પાસેથી એક શંકમંદ પકડાયો : તપાસમાં કંઈ શંકાસ્પદ ન મળતા છોડી મુકયો

ગાંધીનગર, તા.૫

રથયાત્રા અને રમઝાન ઈદના તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર સઘન પેટ્રોલીંગ એસ.પી.ના આદેશથી ગાંધીનગર એસ.ઓ.જી. દ્વારા પેટ્રોલીંગ સઘન બનાવાયું છે ત્યારે ઈન્ફોસીટી કોમ્પ્લેક્ષ નજીક શંકાસ્પદ હાલતમાં ફરી રહેલા એક શખ્સને ટીમે પકડી પાડયો હતો. પશ્ચિમ બંગાળના મુળ વતની અને હાલ અમદાવાદ સરસપુર ખાતે રહેતા દિપક જયપ્રકાશ જયસ્વાલને પકડીને આ વિસ્તારમાં આંટા મારવા સંદર્ભે ઈન્ટ્રોગેશન શરુ કરવામાં આવ્યું હતું જો કે કંઈ શંકાસ્પદ મળી ન આવતા તેને મુકત કરવામાં આવ્યો હતો.

## વાતવાતમાં

● સોમવારે વરસેલા વરસાદના કારણે સેકરટ-૬ના ખુલ્લા મેદાનમાં પાણી ભરાઈ જતા ત્યાં ઝુંપડા બાંધીને રહેતા શ્રમજીવીઓની હાલત કફોડી થઈ જવા પામી હતી. આ શ્રમજીવીઓના શાળાએ જતા બાળકોના દફ્તર સુધ્ધાં પલળી જતા તેમણે વનવિભાગની ફેન્સિંગ પર નોટબુકો-પુસ્તકો સુકવ્યા હતા.

● વરસાદના કારણે રસ્તા પર ખેંચાઈને આવી ગયેલ રેતી બીજા દિવસે વાતાવરણ કોરું રહેતા સુકાઈ જવા પામી હતી. આ કારણે વાહન ચાલકોને ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકોને ઉડતી રેતીથી ભારે તકલીફનો સામનો કરવો પડયો હતો.

● બીજા દિવસે પણ સવારે વાતાવરણ વાદળછાયું રહેતા ઓફિસે જતા કર્મચારીઓને ઘરેથી પત્નિએ યાદ કરીને છત્રી રેઈનકોટ તથા મોબાઈલ ના ભીંજાય તે માટે પોલીથીલીન આપી હતી. જો કે વરસાદે હાથતાળી દેતા આ તૈયારીઓ કર્મચારીઓને બોજારૂપ લાગી હતી.

● પંચદેવ મંદિરથી સે-૨૧માં પ્રવેશવાના માર્ગે દબાણ હટાવવા પહોંચેલી મનપાની ટીમના વડા મહેશ મોડને એક વેપારીએ 'તમારી કામગીરી યોગ્ય નથી હું મોડ સાહેબને ફોન કરીશ' તેવી ચિમકી આપી હતી. આમ મોડ સાહેબને જ મોડ સાહેબના નામની ધમકી આપતા વેપારીએ ફોન લગાવવાનો ખોટે ખોટો ડોળ કરતા મહેશ મોડને ભારે રમૂજ પડી હતી.

● આ વર્ષે રમઝાન ઈદની રજાના કારણે સરકારી કર્મચારીઓ તથા શાળાના વિદ્યાર્થીઓને પ્રથમવાર રથયાત્રાના દર્શનનો લ્હાવો પ્રાપ્ત થતો હોઈ શ્રધ્ધાળુઓમાં આનંદનું મોજુ પ્રસર્યું છે. રથયાત્રા શાંતિપૂર્વક નિર્વિઘ્નેપૂર્ણ થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા સઘન બંદોબસ્ત સાથે સતર્કતના પગલા લેવામાં આવ્યા છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૭-૭-૨૦૧૬ને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સે-૨૨ ખાતે સાંજના ૫.૦૦ વાગે મળશે. આ બેઠકમાં આગામી વિદ્યાર્થી સન્માન સમારંભના કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. જેથી કાર્યવાહક સમિતિના સભ્યો તથા પદાધિકારીઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## સે-૧૨માં વિજ કરંટથી ભેંસનું મોત

### સે-૧૩માંથી દોડીને આવેલી ભેંસ સ્ટ્રીટ લાઈટના થાંભલે અડકી જતા કરંટ લાગ્યો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ ખાતેથી છુટી ગયેલી ભેંસ દોડીને આજે સવારે સે-૧૨માં પહોંચી ગઈ હતી અને ત્યાં એક ખુલ્લા સ્ટ્રીટલાઈટના થાંભલાને અડકી જતા કરંટ લાગવાથી ભેંસનું મોત થયું હતું. આ મામલે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૧૩-એ પ્લોટ નં. ૩૮૪૧/૧ ખાતે રહેતા રબારી બળદેવભાઈ હરજીભાઈ આજે સવારે પોતાના ઘર આંગણે ખુંટે બાંધેલી ભેંસ બીજા ખુંટે બાંધવા છુટી કરી હતી. ભેંસ જેવી છુટી કરી તેવી દોડવા લાગી હતી અને છટકીને દોડતા દોડતા ભેંસ સે-૧૨માં પહોંચી ગઈ હતી. આ ભેંસ સ્ટ્રીટ લાઈટના થાંભલે અડકી જતા તેને કરંટ લાગ્યો હતો અને કરંટ લાગવાથી ભેંસનું મોત થઈ ગયું હતું. આ મામલે રબારી બળદેવભાઈએ સ્થાનિક સે-૭ પોલીસ મથકમાં ઘટનાની જાણ પણ કરી છે.

## ચિરવિદાય

● સ્વ. દક્ષા દિલીપકુમાર જોખાકર, ઉ.વ. ૬૫